# બાર કાઉન્સિલના ૫૦ વર્ષની ઉજવણી ગાંધીનગરમાં કરાશે

અમદાવાદ, તા. ૩૦

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ તેના સન્માનમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એક રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ યોજાશે. આ ગોલ્ડન જ્યુબિલી પરની ઉજવણી માટે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ પી. સથાશિવમને પણ કાર્યક્રમમાં હાજર રહેવા આમંત્રિત કરવામાં આવ્યા છે. ચીફ જસ્ટીસની તારીખ નક્કી થતાં જ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાત ખાતે શરૂ કરવામાં આવશે. ગુજરાતના રાજકારણમાં વકીલોનો હંમેશા મોટુ યોગદાન રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં ૭૫ થી વધારે વકીલો રાજ્યની જુદી-જુદી અદાલતોમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટ એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ પટેલે આ અંગે જણાવ્યું હતું કે ગુજરાતના પાટનગર ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે બાર કાઉન્સિલ ગોલ્ડન જ્યુબિલી વર્ષ ઉજવાશે તેનાથી આ કાર્યક્રમમાં રાજ્યભરના વકીલો એક છત નીચે ભેગા થશે અને આ કાર્યક્રમ ઘણા વકીલોને પ્રોત્સાહન પણ આપશે. વર્ષ ૧૯૬૪માં શરૂ થયેલી એડવોકેટ બાર કાઉન્સિલ આગામી ૫૦ વર્ષ પૂરા કરી રહી છે. એક સમયે ફક્ત ૩૫૦ વકીલોથી શરૂ થયેલી બાર કાઉન્સિલ અત્યારે ૭૫ હજારથી વધુ વકીલો પ્રેક્ટિસ કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે જો બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ગોલ્ડન જ્યુબિલી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાય તો ગુજરાતના ઘણા વકીલો રાષ્ટ્રીય કાર્યક્રમનો લહાવો માણી શકે. ઉપરાંત ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા પી. સત્તાશિવમને પણ સાંભળી પ્રેરણા મેળવી શકે.



ગાંધીબાપુની પુણ્યતિથિ નિમિત્તે સે. ૬-બી ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે શ્રી કનુભાઈ દવે દ્વારા ૧૬મી વખત ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું હતુ. બપોરે ૩.૩૦ થી સાંજે ૬ સુધી રાખવામાં આવેલ આ ગાંધીકથામાં મુનીન્દ્રભાઈ જોષી, કુંદન દવે, કેશુબાપા, પ્રફુલભાઈ રાવલ, પ્રદિપભાઈ ભટ્ટ, ઈન્દુબેન નિમાવત ઉપસ્થિત રહ્યા હતા. 'એ મેરે વતન કે લોગો' ગીતને ૫૦ વર્ષ થવાની ખુશીમાં પ્રતિમાબેન દવેએ આ ગીતને રજૂ કરી શહીદોને યાદ કર્યા હતા. કનુભાઈ દવેને સંગીતમાં તબલા વાદક કંદર્પ ત્રિવેદીએ સાથ આપ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં ભાજપ ચૂંટણીની રણનીતિ ઘડશે

ગાંધીનગર, તા. ૩૦

પ્રદેશ ભાજપની કારોબારીની આવતીકાલે મળનારી બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી અંગે વ્યુહરચના ઘડી કાઢીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને પ્રભારી ઓમ માથુરની ઉપસ્થિતિમાં આવતીકાલે મળનારી પ્રદેશ ભાજપ કારોબારી બેઠકમાં પ્રદેશમાં રહેતા રાષ્ટ્રિય પદાધિકારીઓ, રાષ્ટ્રિય કારોબારીના સભ્યો, રાષ્ટ્રિય મોરચાના પદાધિકારીઓ સેલના રાષ્ટ્રિય સંયોજક સહ સંયોજકો, પ્રદેશ પદાધિકારીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખો, સેલના કન્વિરો, કારોબારી સભ્યો, જિલ્લા પ્રભારી પ્રમુખ, મહામંત્રીઓ, જિલ્લા પંચાયત પ્રમુખો, વિપક્ષના નેતાઓ, મહાપાલિકા મેયરો અને લોકસભાના ઈન્ચાર્જો આ બેઠકમાં ઉપસ્થિત રહેનાર છે.

આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપને વીજય બનાવવા માટે ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવામાં આવશે. અને ચૂંટણીલક્ષી કાર્યક્રમો પણ જાહેર કરવામાં આવશે. ખાસ કરીને ભાજપ સામે આમઆદમી પાર્ટીના ઉભા થયેલા પડકારને પહોંચી વળવા માટે શહેરી વિસ્તારોમાં ભાજપના સંગઠ્ઠનને વધુ મજબુત અને સક્રિય બનાવવા માટેની પણ વ્યૂહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ગુજરાતના પ્રભારી ઓમ. માથુર સંગઠ્ઠનના માહિર હોઈ આ બેઠકમાં પ્રદેશ આગેવાનોને આગામી લોકસભા ચૂંટણીમાં કઈ રીતે સંગઠાત્મક રીતે ચૂંટણી લડવી એ અંગે માર્ગદર્શન આપશે અને પક્ષ દ્વારા આપવામાં આવેલા કાર્યક્રમોને કઈ રીતે અમલી બનાવીને સફળ બનાવવા એ અંગે પણ પ્રશિક્ષણ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ આગામી લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર ભાજપના ઉમેદવારોને જીતાડવા માટે કામે લાગી જવા અને ભાજપને જીતાડવા માટેની રાજકીય જડીબુટ્ટીઓ આપશે અને કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓને પ્રજા સમક્ષ છતી કરવા અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી પ્રજાલક્ષી કામગીરીને પ્રજા સુધી પહોંચાડવા માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આવતીકાલે મળનારી કારોબારી બેઠક બાદ રાજ્યમાં ચૂંટણીલક્ષી કાર્યક્રમો ભાજપ દ્વારા શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# બિરસા મુંડા ભવનમાં થયેલી રૂ. ૧૧.૬૦ કરોડની ઉચાપતનો ભેદ ઉકેલતી ગાંધીનગર પોલીસનું સન્માન કરાયું



ગાંધીનગર, તા. ૩૦

શહેરના સેક્ટર-૧માં આવેલ બિરસા મુંડા ભવનમાં થયેલી રૂ. ૧૧.૬૦ કરોડની ઉચાપત મામલે જિલ્લા પોલીસની કામગીરીને બિરદાવી આદિજાતિ વિભાગ દ્વારા તમામ પોલીસ અધિકારીઓને પ્રસંશાપત્ર અને રૂ. એક લાખની રકમ પ્રોત્સાહક ઈનામ તરીકે આપવામાં આવી હતી.

શહેરમાં થોડાક સમય પહેલા બિરસા મુંડા ભવનમાં સ્કૂલોની ગ્રાન્ટના નાણા ચાઉ કરી જવાની ઘટના બની હતી. આ ઘટનાને માત્ર બેજ દિવસમાં પર્દાફાસ કરતા સેક્ટર-૭ પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી. ટીમોને અધિક મુખ્ય સચિવ ડૉ. એસ.કે. નંદાસાહેબની ઉપસ્થિતિમાં આદિજાતિના અગ્ર સચિવ અરવિંદ અગ્રવાલ દ્વારા તપાસમાં જોડાયેલા તમામ અધિકારીઆને બિરદાવી પ્રસંશાપત્રક અને રૂ. ૧ લાખનું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું.

## અહેમદ પટેલે શું કહ્યું...

- બંધારણમાં આદિવાસી સમાજના ભાઈબહેનોને અપાયેલા અધિકારનું સરકાર ઉલ્લંઘન કરી રહી છે
- અંબાજીથી ઉમરગામ વિસ્તારમાં રહેતા આદિવાસી ભાઈ બહેનોની હાલત ખૂબ જ કફોડી છે
- આદિવાસી વિસ્તારમાં આવેલી શાળાઓની હાલત ખરાબ છે



- ૧૦ હજાર કરતા વધુ શિક્ષકોની જગ્યા લાંબા સમયથી ખાલી
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૨૫૦૦થી વધુ જગ્યાઓ ખાલી છે
- છેલ્લા ૧૦ વર્ષમાં સામાન્ય માણસના જીવનમાં ઘણો સુધારો થયો છે
- એસી હોલમાં પરિષદ યોજવાથી ગરીબોનું ભલુ થતુ નથી
- ગુજરાત દેશમાં સૌથી વધુ દેવાદાર રાજ્ય તરીકે આગળ વધી રહ્યુ છે

# રાજ્યમાં વન અધિકાર કાયદા હેઠળ માત્ર ૨૨.૩૧ ટકા કામ થયું છે : અહેમદ પટેલ

અમદાવાદ, તા. ૩૦

ગુજરાત આદિવાસી મંચ દ્વારા દાહોદ ખાતે આયોજીત વિશાળ સંમેલનને સંબોધન કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશમાં વિકાસના મોડલની વાત કરનાર હાલની સરકારનું વિકાસનું મોડલ એ મોદીનું મોડલ છે, ગુજરાત મોડલ હંમેશા ગાંધી - સરદારની વિચારધારામાં બની શકે, જેમાં સર્વનો વિકાસ હોય અને છેવાડાના માનવીને વિકાસના લાભ મળતા હોય. હાલની સરકારના મોડલમાં સીમિત લોકોનો જ વિકાસ થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી સમાજના ભાઈઓને જંગલના જમીનના અધિકાર આપવામાં આવ્યા પણ કમનસીબે ગુજરાતની ભાજપ સરકાર ૧ લાખ ૯૨ હજાર આદિવાસી ભાઈ-બહેનોમાંથી માત્ર ૪૨ હજાર આદિવાસી ભાઈઓને જમીનના હક્ક આપ્યા જેમાં મોટા ભાગના આદિવાસી ભાઈઓને તેમના હક્કની યોગ્ય જમીન આપી નથી અને ઘણા કિસ્સામાં તો બે ગુઠા કે ત્રણ ગુંઠા જમીન આપીને આદિવાસી ભાઈઓ સાથે ભાજપ સરકારે મજાક કરી છે. ગુજરાતમાં વન અધિકાર કાયદા હેઠળ માત્ર ૨૨.૩૧ ટકા જેટલી સાથે ભાજપ સરકારે મજાક કરી છે. ગુજરાતમાં વન અધિકાર કાયદા હેઠળ માત્ર ૨૨.૩૧ ટકા જેટલી કામગીરી થઈ છે. ગુજરત રાજ્યના આદિવાસી વિસ્તારમાં સિંચાઈના પાણી માટે વારંવાર જાહેરાતો થાય છે પણ વાસ્તવિકતામાં આદિવાસી વિસ્તારમાં સિંચાઈનું પાણી મળતું નથી. ગાંધી નિર્વાણ દિવસ ૩૦ જાન્યુઆરીના રોજ યોજાયેલ આદિવાસી વિશાળ સંમેલનમાં મહાત્મા ગાંધીને શ્રધ્ધા સુમન સાથે બે મીનીટના મૌન બાદ સંશોધન કરતાં અહમદભાઈ પટેલે ગુજરાતની ભાજપ સરકારના વિકાસના દાવાઓનો છેદ ઉડાડતા જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકાર બંધારણમાં આદિવાસી સમાજના ભાઈ-બહેનોને અપાયેલ અધિકારનું ઉલ્લંઘન કરે છે અને તેમને તેમના હક્કથી વંચિત રાખી રહી છે. ગુજરાતમાં અંબાજીથી ઉમરગામ વિસ્તારમાં વસતા આદિવાસી ભાઈ બહેનો માટે શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ, નોકરી, જમીન સહિતના મુખ્ય મુદ્દાઓમાં પરિસ્થિતિ ઘણી ગંભીર છે. આદિવાસી વિસ્તારમાં આવેલી શાળાઓની હાલત ઘણી જ ખરાબ છે. ૧૦ હજાર કરતા વધુ શિક્ષકોની જગ્યા લાંબા સમયથી ખાલી છે.

### ધારાસભ્ય વાઘજીભાઈ પટેલના નિધન પર દુ:ખ વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ કચ્છ જિલ્લાના રાપરના ધારાસભ્ય શ્રી વાઘજીભાઈ પટેલના નિધનના સમાચાર જાણી દુ:ખની લાગણી વ્યક્ત કરી છે. તેમના શોકસંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે સ્વર્ગસ્થ શ્રી પટેલે જનહિતના કાર્યોમાં સક્રિય ભૂમિકા અદા કરી હતી.

ઈશ્વર દિવંગતના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે અને તેમના પરિવારજનોને આ અસહનીય દુ:ખ સહન કરવાની શક્તિ આપે, તેવી તેમણે પ્રાર્થના કરી છે.

### મનપાનું બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગાર-વધારાના આર્થિક બોજને પહોંચી વળવા દરમાં સુધારો કરવા જરૂરી જણાયો છે. આ ઉપરાંત ફાયર ટેક્ષ સહિત આવકના નવા સાધનો ઉભા કરવા પર પણ ભાર મુકવામાં આવશે.

મિલ્કત વેરામાં રિબેટની યોજના જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ છે. જો કે વેરા-વસુલાતની કામગીરીને સઘન બનાવવા પર પણ આ બજેટમાં ખાસ ભાર મુકવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને વ્યવસાય વેરાની વસુલાતને વધુ અસરકારક બનાવવામાં આવશે. નવા વ્યવસાયકારોને શોધી કાઢવા પર ભાર મુકવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં જે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તેને ધ્યાને લઈ સેવાઓના વિસ્તૃતીકરણ પર પણ ભાર મુકવામાં આવે તેવી શક્યતાઓ છે. ઝોન ઓફિસોમાં વધુ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યું છે.

### અભિયાન યોજશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દુનિયાભરમાં વિવિધ ઔદ્યોગિક ઉપયોગમાં દીવેલની માગણી દીવેલના ભાવોના સંબંધમાં બિન અનુકુળ છે. બહુ ઓછા લોકો જાણે છે કે એરંડાના ડેરિવેટિવ્ઝ આપણા રોજબરોજના જીવનમાં ઉપયોગમાં લેવાય છે. દીવેલ તીવ્ર તાપમાનમાં પણ તેની સ્નિગ્ધતા જાળવી રાખવાની અજોડ ગુણવત્તા સાથે ગ્રીસનું ઉત્પાદન કરવામાં ઉપયોગ કરાય છે. એરંડાના ડેરિવેટિવ્ઝનો કાર ડેશબોર્ડસ, ઓપ્ટિકલ લેન્સીસ, ફાર્માસ્યુટિકલ્સ, તબીબી ઉપકરણ જેમ કે ડાયાલિસિસ મશીન, મોબાઈલ ફોન્સ, ઠંડા પીણાંની બોટલોનું ઢાંકણું, જૂતાનાં સોલ, ચામડું નરમ કરવા વગેરેમાં પણ ઉપયોગ થાય છે. પ્લાસ્ટિકસના ઉપયોગ પર સખ્તાઈથી બંધી લાદનાર દેશોને પ્લાસ્ટિકસ માટે અવેજી તરીકે બાયો ડિગ્રેડેબલ પોલીમર્સ બનાવવા માટે એરંડાના ડેરિવેટિવ્ઝનો ઉપયોગ કરવા માટે ફરજ પડે છે. દિવેલા ડેરિવેટિવ્ઝ હાલમાં ટૂથબ્રશથી લઈને એરપ્લેન્સ સુધીમાં મોજૂદ છે અને હવે અવકાશયાનમાં ઉપયોગ મારફત ચંદ્ર સુધી તેની પહોંચ વિસ્તરી છે. આવા સંજોગોમાં એરંડાના ભાવો વર્ષોથી કેમ તળિયે બેસી રહ્યા છે? ભારતમાં એરંડા ઉગાડતા ખેડૂતોનું શોષણ આપણે કયારે બંધ કરીશું?

### લાયસન્સ આપવામાં આવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે સૂચનાઓ આપી છે. આ નિર્ણયથી રહેણાંક વિસ્તારમાં વેપાર-ધંધા કરતા વેપારીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. વેપારી મંડળે કલેક્ટરશ્રીનો આભાર વ્યક્ત કર્યો છે.

દરેક વેપારી ભાઈઓએ તા. ૪-૨-૨૦૧૪ પહેલાં પોતાના ધંધા-રોજગારની રજિસ્ટ્રેશન-લાયસન્સની અરજી કરી દેવા જણાવવામાં આવે છે.

### મતદાર યાદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી. જે પૈકી ૧૭,૮૦૬ ભુલોની ચકાસણી બી.એલ.ઓ. દ્વારા કરાવવામાં આવી હતી. આ ચકાસણી દરમ્યાન માત્ર ૧૩૪૯ ભુલો સુધારવાપાત્ર હતી જ્યારે અન્ય ભુલોમાં કોઈ તથ્ય જણાયું ન હતું.

તેમણે જણાવ્યું હતું કે હાલ દહેગામ અને માણસા વિધાનસભાની મતદારયાદી સંપૂર્ણ ફોટાવાળી થઈ ગઈ છે. જે ફોટા અન્ય ત્રણ વિધાનસભા મતવિસ્તારની મતદારયાદીમાં ખુટે છે તેમાં કલોલના ૨૬૭, ગાંધીનગર(ઉ)માં ૩૩ અને ગાંધીનગર (દ)માં ૧૩૧ મતદારોનો સમાવેશ થાય છે. આ નોંધાયેલા મતદારોના ફોટા ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં મેળવી લેવા મતદાર નોંધણી અધિકારીઓને જણાવવામાં આવ્યું છે.

જિલ્લામાં મતદારોની દષ્ટિએ સૌથી વધુ મતદારો ગાંધીનગર(દ)માં છે. જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૬૦,૩૨૭ છે. આ પછી બીજાક્રમે ગાંધીનગર (ઉ) આવે છે જ્યારે નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૧૨,૨૫૦ છે. સૌથી ઓછા મતદારો દહેગામમાં છે. જ્યાં મતદારોની સંખ્યા ૧,૮૧,૧૩૪ છે.

જિલ્લામાં ડુપ્લીકેટ નામ ધરાવતા મતદારોની ચકાસણી ૪૧૪૪ની કરવામાં આવી હતી. આ પેકી ૯૯૩ મતદારો ડુપ્લીકેટ જણાતાં તેમના નામ મતદાર યાદીમાંથી કમી કરાયા છે.

### હત્યા થાય છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ આદમી પાર્ટીના ગુજરાતના સંગઠક અનિરુદ્ધસિંહ જાડેજાએ પણ આગામી લોકસભાની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને દિન રાત મહેનત કરવા કાર્યકરોને હાકલ કરી હતી. તેમણે મોદી સરકાર પર કટાક્ષ કરતા ભ્રામક પ્રચારથી મોટો થયેલો ફુગ્ગો હવે ફુટવાની તૈયારીમાં જ હોવાનું જણાવ્યું હતું.

આમ આદમી પાર્ટીએ સમગ્ર રાજયમાં ઝાડુ યાત્રા દ્વારા રાજકીય હલચલ મચાવી દીધી છે. લગભગ એક હજારથી વધુ લોકોની સંખ્યા સાથે ગાંધીનગરમાં નિકળેલી ઝાડુ યાત્રા દ્વારા ગુજરાતમાં નવા નેતૃત્વના ઉદયની શકયતાઓ દેખાવા લાગી છે. વર્તમાન રાજય સરકાર સમક્ષ કદાચ પહેલી વાર આટલી મોટી સંખ્યામાં લોકો ગાંધીનગર ખાતે પ્રદર્શન કરી રહ્યા હોવાના દાવા સાથે આમ આદમી પાર્ટીએ યોજેલી આ ઝાડુ યાત્રાના સમાપને મહાત્મા ગાંધીજીને મૌન પાળીને તેમના નિર્વાણદિને શ્રધ્ધાંજલિ અર્પિત કરાઈ હતી. આ ઝાડુયાત્રામાં મોટી સંખ્યામાં વિવિધ વર્ગના યુવાનો અને મહિલાઓ સહિત હજારો લોકો જોડાયા હતા.

### ઓળખ બની રહેશે

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

અશ્વ શોના સુચારું આયોજન અર્થે નિમાનાર વિવિધ ટીમોની જાણકારી આપી હતી.

વધુમાં કલેકટરશ્રીએ અશ્વ શો દરમ્યાન બહારથી આવનાર લોકો અને અશ્વો માટે પાણીની સુવિદ્યા, વીજળી, વેટનરી ડૉકટર જેવી અનેક સુવિદ્યાઓ ૨૪ કલાક માટે રાખવા ભારપૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત રાત્રિ દરમ્યાન અશ્વ શૉના ગ્રાઉન્ડમાં યોજાનાર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન અંગે ચર્ચા કરી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી શરદ સિંઘલે જણાવ્યું હતું કે, સમગ્ર અશ્વ શો તેમજ રાત્રિ દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે એસ.આર.પી બંદોબસ્ત રાખવામાં આવશે. તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે ટ્રાફિક પોલીસ અને અન્ય પોલીસ કર્મીઓ પણ ખડેપગે પોતાની ફરજ બજાવશે. તે ઉપરાંત સી.સી. ટી.વી કમેરા પણ ગોઠવવામાં આવશે.


જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને અશ્વ શૉના આયોજનમાં લોકભાગીદારી વધે અને કાર્યક્રમના આયોજનમાં ગ્રામજનો પણ સહભાગી બને તે માટે નિમાયેલ દરેક કમિટીમાં ગ્રામ પંચાયતના એક સભ્યને રાખવાનો અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં પશુપાલન નિયામકશ્રી, અધિક નિવાસી કલેકટર શ્રી ડૉ. એમ.ડી.મોડિયા, કલોલ -ાંત અધિકારી શ્રી -દિપસિંહ જાડેજા, કલોલ ડી.વાય.એસ.પી. શ્રી કે.એસ.સવાણી, અંબોડ ગામના સરપંચ શ્રી ઘનશ્યામસિંહ ચાવડા સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

### વીડીયોગ્રાફી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યું છે. જ્યારે ફૂટપાથ સહીત આસપાસના વિસ્તારમાં પણ ગંદકીના ઢગ ખડકાયા છે. ફૂટપાથને ચકાચક બનાવવા તંત્ર દ્વારા સફાઈ અભિયાન તેમજ રીપેરીંગ કામ શરૂ કરી દેવાયું છે. નાગરિકોની જાગૃતતા અને યોગ્ય ઉપયોગના અભાવે ફૂટપાથને વારંવાર નુકશાન થાય છે. આવા સંજોગોમાં ફૂટપાથની સ્થિતિ જૈસે થે જેવી થઈ જાય છે. જેના પરિણામે તંત્ર દ્વારા રીપેરીંગ અને સફાઈ અભિયાન બાદ ફૂટપાથ નેટવર્કની વીડીયોગ્રાફી કરી વિભાગને મોકલવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

## શબ્દાવલી - ૫૩૦૦



**આડી ચાવી**

૧. આકાશ, નભ (૩)
૩. ચાલાકી, હોંશિયારી (૩)
૬. જળ પીધા વિના કરાતા ઉપવાસ (૩)
૮. ટાઇમ, ટંકાવાથી થતો અવાજ (૨)
૯. રસ્તો બંધ કરી કર વસૂલવાની જગ્યા (૪)
૧૨. પંપાળવું, શરીરે ધીમે હથેળી ફેરવવી (૫)
૧૩. અતિશય કરકસર કરનાર(૨)
૧૫. પ્રણાલી, ઢબ (૨)
૧૭. ગામડાના મહેસુલ સંબંધી કામગીરી કરનાર સહકારી કર્મચારી (૩)
૧૮. બધી જ જગ્યાએ, બધે(૩)
૧૯. વીસ ઘા, કાગળ (૨)
૨૦. સખત, અતિ (૩)
૨૨. પાપડમાં નખાતો ખારો(૫)

**ઊભી ચાવી**

૧. સિંહની ત્રાડ (૩)
૨. તીવ્ર અસરકારક, ગળુ કાપે તેવી હરિફાઇ (૪)
૫. રીસાઇ જવું, છટકવું (૪)
૭. સાંધાનો વા (૪)
૧૦. વાંસળી, મોરલી (૩)
૧૧. ગ્રીનરી, હરિયાળી (૪)
૧૪. સિફારીસ, સોંપણી (૪)
૧૬. રીપોર્ટર, ખબરપત્રી (૪)
૧૮. સમાચાર, એંધાણ (૩)
૨૦. નાના છોકરાને પટાવીને ખવરાવતા... કરો એવું કહેવાય (૨)
૨૧. છેતરપીંડી, ધાપ (૨)

## શબ્દાવલી ૫૨૯૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચલકચલાણુ (૬) બુભુક્ષુ (૭) લકોટી (૮) શોર (૧૦) નજર (૧૨) કેન (૧૩) મજા (૧૫) પાવક (૧૬) હીમ (૧૭) જેલ (૧૮) આભ (૨૦) રફતાર (૨૧) આંભ

**ઊભી ચાવી :-** (૧) કાબુલી (૨) ચક્ષુદાન (૩) કલશોર (૪) ચકોર (૫) લાટી (૯) કનક (૧૧) જનમભર (૧૨) કેવલ (૧૩) મહીયર (૧૪) જામ (૧૫) પાજેબ (૧૮) આતા (૧૯) વખ

**જાહેર નિવિદા**

ફેમીલી કોર્ટ, ગાંધીનગરની કચેરીના ઉપયોગ સારૂ મોટા-નાના ઝેરોક્ષ મશીન, ફેક્ષ મશીન, કોમ્પ્યુટર હાર્ડવેર, કાયદા ને લગતા લાયબ્રેરી ના પુસ્તકો, તથા ઓફીસ માટે જરૂરી ફર્નીચર ખરીદવાનુ / બનાવવાનું હોવાથી રસ ધરાવનારાઓએ જાહેરાત પ્રસીધ્ધ થયેથી દિન-૭માં ફેમીલી કોર્ટ, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગરના સરનામે સંપર્ક કરવા વિનંતી.

સ્થળ : ગાંધીનગર
તા.:૩૦/૧/૨૦૧૪

પ્રિન્સિપાલ જજ,
ફેમીલી કોર્ટ, ગાંધીનગર

**જાહેરાત**

ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧, ૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરમાં જુદી જુદી કામગીરી માટે મેનપાવર પુરા પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી. પોસ્ટ એ.ડી. દ્વારા મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક વચ્ચે તા. ૧૫/૨/૨૦૧૪ સુધીમાં ઉપરોક્ત સરનામેથી 'ધોલેરા સ્પેશ્ટલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત કચેરીને રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી તા. ૧૯/૨/૨૦૧૪ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

તા. ૧૯/૧/૨૦૧૪
સ્થળ : ગાંધીનગર
માહિતી/૨૩૫૫/૧૩-૧૪

મુખ્ય કારોબારી અધિકારી
ડીએસઆઈઆરડીએ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯